**ડૉ. ડી. સુમન રત્નામ્** આઈ.આર.એસ.
કાર્યપાલક નિયામક
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**
બિરસા મુંડા ભવન, ભોયતળિયે,
સેક્ટર-૧૦ / એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૩૮૮૭
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨ ૫૩૮૮૯
ઈ-મેઈલ : ed-gtdc@gujarat.gov.in

તારીખ :૧૫/03/૨૦૧૯

Inward No.: 20429
Section : SW
Date : 28/3/19

પ્રતિ,
વાઇસ ચાન્સેલરશ્રી,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર,
આણંદ-૩૮૮૧૨૦

વિષય:-ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની "IELTS & TOFEL" અંગેની તાલીમ ફીમાં લેવા માટે જાહેર નોટિસ આપશ્રીના નોટિસ બોર્ડ પર મૂકવા બાબત.

શ્રીમાન,

સવિન્ય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા IELTS & TOFEL માટે તાલીમ ફીમાં આપવામાં આવે છે. જેમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ કે જેઓ ધોરણ-૧૨માં ૫૦% માર્ક્સ મેળવેલ હોય અને હાલમાં સ્નાતક તેમજ અનુ.સ્નાતક કક્ષાનો અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે IELTS & TOFELની તાલીમ લેવાની જરૂરિયાત રહેતી હોય છે. IELTS & TOFELની ફીમાં તાલીમ લેવા માટે જરૂરી માહિતી જાહેર નોટીસ સ્વરૂપે આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લઇને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની IELTS & TOFELની તાલીમ ફીમાં લઇ શકે તે હેતુથી IELTS & TOFELની તાલીમ ફીમાં લેવા માટેની માહિતી આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી કોલેજોમાં નોટિસ બોર્ડ મૂકવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

કાર્યપાલક નિયામક
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
ગાંધીનગર

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન,

## બિરશા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

ટેલીફોન નં.૨૩૨૫૩૮૮૭, ૨૩૨૫૩૮૯૧,૨૩૨૫૩૮૪૬,૨૩૨૫૬૮૪૩

## જાહેર ખબર

### "IELTS & TOFEL માટેના કોચિંગ ક્લાસ"

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા અનુસૂચિત જનજાતિનાતેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા "IELTS & TOFEL માટેના કોચિંગ ક્લાસ" ફીમાં આપવાની યોજના અમલમાં છે. આવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ જેઓ ધોરણ-૧૨માં ૫૦% ઉપર માર્ક્સ સાથે અભ્યાસ કરેલ હોય તેમજ સ્નાતક અથવા અનુસ્નાતક થયેલ હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ જણાવેલ સરનામે અરજી કરી શકશે. અત્રે આવેલ અરજીઓમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને વિદેશ અભ્યાસ માટે જરૂરી તાલીમ (અંગ્રેજી ભાષાની તૈયારી, વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા અંગેની પ્રક્રિયા, વિઝા અન્વયેની તૈયારી વગેરે) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે.

નોંધ:-ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરમાં સમાવિષ્ટ જનજાતિના અરજદારોએ જ સાદી અરજી કરવી.

| | | | | |
|---|---|---|---|---|
| અરજદારનું નામ:- | | | | અરજદારનો તાજેતરનો પાસસપોર્ટ સાઇઝનો ફોટો સહી ચોટાડવો |
| અરજદારનું સરનામું:- | | | | |
| અરજદારની જાતિ/પેટા જાતિ:- | | જન્મ તારીખ:- | | |
| મોબાઇલ નંબર:- | | આધાર નંબર:- | | |
| હાલ ગ્રેજ્યુએશનનો અભ્યાસ ચાલું હોય અથવા છેલ્લે જ્યાં અભ્યાસ કરેલ હોય તો કોલેજનું નામ-સરનામા સાથેની વિગતો રજૂ કરવી. | | | | |
| શૈક્ષણિક લાયકાત:- (ટકાવારી સાથે) | | | | |
| આપ કઇ સંસ્થામાં IELTS & TOFEL માટેના કોચિંગ ક્લાસ કરવા માંગો છો? તે સંસ્થાનું નામ અને સરનામું ફોન નંબર સહિત જણાવવું | | | | |
| ક્યા અભ્યાસક્રમ માટે વિદેશ જવા માંગો છો? અભ્યાસની વિગત રજૂ કરવી. | | | | |
| | અરજદારની સહી:- | | | |

વિશેષ નોંધ:-૧) રહેઠાણની કોઇ સુવિધા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર તરફથી આપવામાં આવશે નહી. અને IELTS & TOFEL માટેના કોચિંગ ક્લાસની ફીની ચુકવણી કરવામાં આવશે.